ગાંધીનગર સમાચાર

તા. ૧૬-૩-૨૦૧૩, શનિવાર

## તંત્રી સ્થાનેથી.....

### પાકિસ્તાનના નાપાક પ્રસ્તાવનો જડબાતોડ જવાબ આપવો જરૂરી

પાકિસ્તાનની નેશનલ એસેમ્બલીમાં આતંકવાદી અફઝલ ગુરૂને આઝાદીના લડવૈયા તરીકે ઓળખાવાયો અને ભારત સરકાર દ્વારા એને અપાયેલ ફાંસીના મુદ્દે નિંદા-પ્રસ્તાવ રજૂ કરાયો, તે કોઈ સામાન્ય કે નહીં ગણકારવા લાયક ઘટના નથી. આ પ્રસ્તાવ દ્વારા પાકિસ્તાને ભારત વિરૂધ્ધની એની વર્ષો જૂની લડાઈને નવો આયામ આપવાની વ્યૂહાત્મક ચેષ્ટા કરી છે. કાશ્મીર મુદ્દે ભારત સાથે કયારેય સમાધાન શક્ય નહીં હોવાની પાકિસ્તાનને ખાતરી થઈ ચુકી છે. ભારત વારંવાર કહેતું રહ્યું છે કે કાશ્મીર એ ભારતનું જ અંગભૂત રાજય છે, પરંતુ પાકિસ્તાન શરૂથી જ કાશ્મીરને એક ઈસ્લામિક પ્રદેશ તરીકે પોતાની સંપત્તિ માને છે. કબાઈલીઓ દ્વારા કરાયેલો હુમલો એ હકીકતમાં પાકિસ્તાની સરકાર અને લશ્કરના ઈશારા પર જ કરાયેલું પધ્ધતિસરનું આક્રમણ હતું. પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય પરિબળો સમક્ષ પોતાનો હક દાવો કબૂલ કરાવવા આવા 'પ્રોક્સી' યુધ્ધનો જ આશ્રય લેવાનું પસંદ કરતું રહ્યું છે. કાશ્મીરનો ઘણો મોટો હિસ્સો એણે 'આઝાદ કાશ્મીર'ના નામે પચાવી પાડ્યો છે અને હજી બાકી રહી ગયેલા ખીણ પ્રદેશ પર એનો ડોળો મંડાયેલો છે. કાશ્મીર પ્રશ્નનું આતંરરાષ્ટ્રીયકરણ કરવા દેવાની પંડિત નહેરૂની ઉદારનીતિને કારણે આઝાદીના સાડા છ દાયકા પછી પણ એ પ્રશ્ન લટકતો જ રહ્યો છે. અફઝલ ગુરૂ જેવા ઉદ્દામ યુવાનોને બહેકાવીને કાશ્મીરની 'મુકમ્મલ આઝાદી'નાં જંગમાં નિત્ય નવું પેટ્રોલ રેડાતું રહ્યું છે. એનાથી થતાં ભડકા કાશ્મીરને દઝાડે છે. એથી વધારે તો દિલ્હીને, દેશની આમ જનતાને દઝાડતા રહ્યાં છે. કાશ્મીર મુદ્દે ચાલતું રાજકારણ કોંગ્રેસ જેવા રાષ્ટ્રવ્યાપી રાજકીય પક્ષને હરહંમેશ ગુનેગારના કઠેડામાં ઊભું કરતું રહ્યું છે. પંડિત નહેરૂથી લઈ સોનિયા ગાંધી અને મનમોહનસિંહ સુધીના રાષ્ટ્રીય નેતાઓને કાશ્મીર મુદ્દે નીચાજોણું થતું રહ્યું છે. અફઝલ ગુરૂના માર્ગદર્શન હેઠળ દેશની સર્વોચ્ચ સંસ્થા - સંસદ પર થયેલા ઘાતકી હુમલાને પણ પાકિસ્તાન 'આઝાદીના જંગ' તરીકે ખપાવી શકતું હોય તો ભારત સરકારે એને એની જ ભાષામાં જવાબ આપવાનો સમય પાકી ગયો ગણાય. પરંતુ ભારત સરકાર 'ગરીબ કે જોરૂ' ની જેમ પાડોશી દેશનાં અશ્લીલ અડપલાં સાંખતી રહી છે. એણે કયારેય આ મુદ્દે નક્કર પગલું ભરી એ સમસ્યાનો કાયમી ઉકેલ આણવાનો પ્રામાણિક પ્રયાસ કર્યો નથી. બધું જ દાબડદીબડ રાખી પ્રશ્નને લટકતો રાખવાની કૂટનીતિ ભારતને ઘણી મોંઘી પડી છે.

કાશ્મીર પર પાકિસ્તાન એનો હદ કાવો કયારેક છોડવાનું નથી. અગાઉ ઝુલ્ફીકાર અલી ભૂટ્ટોએ આ મુદ્દે હિંદુસ્તાન સામે એક હજાર વર્ષ સુધી લડી લેવાનો સંકલ્પ કર્યો હતો, તેનું જ પ્રકારાન્તરે પુનરાવર્તન એમના અનુગામીઓ કરતાં રહ્યા છે. કોણ જાણે કેમ, ભારત સરકાર, પછી તે નહેરૂના નેતૃત્વવાળી હોય, શાસ્ત્રીના નેતૃત્વ હેઠળની હોય કે વાજપેયીની નેતાગીરીવાળી 'એનડીએ' સરકાર હોય - કોઈએ કાશ્મીર મુદ્દે નિર્યાણક લડત ચલાવી એનો ખુલાસાબંધ ઉકેલ આણવાની ઈમાનદારી દાખવી જ નથી. લાલબહાદુર શાસ્ત્રીને આપણે 'જય જવાન જય કિસાન' જેવું રૂપકડું સૂત્ર આપનારા પ્રામાણિઈક સ્વચ્છ પ્રતિભાવાળા વડાપ્રધાને સૈનિકોએ લોહી વહેવડાવીને છેક લાહોરમાં ત્રિરંગો ફરકાવ્યો ત્યારે પણ એમનો જીતેલો પ્રદેશ પરત કરતી વેળાએ કાશ્મીરનો મુદ્દો ઉકેલ્યો નહીં, તે કેવી કમનસીબી છે! ભારતમાં ખ્વાજાની મજાર પર ચાદર ચડાવીને પરત ફરેલાં પાક વડાપ્રધાન રાજા પરવેઝ અશરફ સરહદ પર પાક ઘૂષણખોરી કે આતંકવાદી પ્રવૃત્તિ વિશે હરફ ઉચ્ચારતા નથી પણ કાશ્મીરની સ્વતંત્રતા માટે યુધ્ધે ચડેલા અફઝલ ગુરૂને 'શહીદ' તરીકે બિરદાવે છે, ભારત સરકારે એને ફરમાવેલી ફાંસીની સજા બદલ ભારતની ઘોર નિંદા કરતો પ્રસ્તાવ પસાર કરે છે અને આપણા 'મૌની' બાબા ચૂપચાપ એ સાંભળી લે છે. જરા પણ લાજશરમ કે દેશાભિમાન જેવી વસ્તુ બચી હોય તો આપણી સંસદે અને સરકારે આ નાપાક હરકતનો, તત્કાળ, આખી દુનિયાને દેખાય અને સમજાય એવો જડબાતોડ જવાબ આપવો જોઈએ.

# ગાંધીનગરમાં રાષ્ટ્રીય એકતા કેમ્પ સફળતાપૂર્વક સંપન્ન

## વિવિધ રાજયોના ૧૫૦ શિબિરાર્થીઓ જોડાયા

ગાંધીનગર, તા. ૧૫

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય પુરસ્કૃત અને નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા રાષ્ટ્રીય એકતા કેમ્પ સફળ રીતે સંપન્ન થઈ ગયો. ગાંધીનગર યુથ હોસ્ટેલ ખાતે રાષ્ટ્રીય એકતા શિબિરનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ અને સમાપન કાર્યક્રમ યોજાયો હતો. સપ્તાહ દરમિયાન વિવિધ રાજ્યોના ૧૫૦ જેટલા શિબિરાર્થીઓએ ભાગ લીધો હતો અને સુંદર કાર્યક્રમો, પ્રવાસની મઝા માણી હતી.

રાષ્ટ્રીય એકતા શિબિર સપ્તાહ દરમિયાન વિવિધ વિષયો પર જુદા જુદા રાજયના શિબિરાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મધુર ડેરી, ઈન્દ્રોડા પાર્ક, અક્ષરધામ મંદિર, વિધાનસભાની મુલાકાત, બ્રહ્માકુમારી રાજયોગ કેન્દ્ર સેક્ટર-૨૮, ગાંધીનગરની ફિલ્ડ વિઝીટ ગોઠવી વિવિધ પ્રાંતના યુવાનોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સૌ યુવકોએ ઉલ્લાસભેર ભાગ લીધો હતો. યુવાનો દ્વારા વિધાનસભા સંકુલમાં સર્વધર્મ પ્રાર્થના કરવામાં આવી હતી. બાલવા સાર્વજનિક દવાખાના ચોકમાં ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. તથા સમાપન પ્રસંગે રાષ્ટ્રીય એકતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે સૌ યુવકોને સ્મૃતિ ચિહ્ન, પ્રમાણપત્રો અને એન.આઈ.સી. કેમ્પનું વિતરણ કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય એકતા શિબિરમાં ઉદ્‌ઘાટન પ્રસંગે ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલના અધ્યક્ષ સી.એલ. મીના તથા સમાપન પ્રસંગે ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ તેમજ સપ્તાહ દરમિયાન યોજાયેલા કાર્યક્રમોમાં ચિલ્ડ્રન યુનિ.ના એડવાઈઝર જ્યોતિબેન થાનકી, આઈ.આઈ.ટી.ઈ.ના વાઈસ ચાન્સલર ડૉ. કમલેશ જોષીપુરા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.




લાગે છે, સરકારે બાળ મજુરી વિરુદ્ધ અભિયાન છેડ્યું દીધું છે... બાળકો પત્રિકા વેંચી રહ્યા છે...!

# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા જૈવિક વિવિધતા વિષય પર કાર્યશાળા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૫

બાળકોમાં વિજ્ઞાન અને પર્યાવરણ વિશે જાગૃતિ લાવવા અનેક કાર્યક્રમો કરતા નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા તાજેતરમાં રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અંતર્ગત 'જૈવિક વિવિધતાનું સંરક્ષણ' વિષય પર કાર્યશાળા યોજાઈ હતી. જેમાં તજજ્ઞો દ્વારા જૈવિક વિવિધતાનો અર્થ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા સમજાવાયો હતો તથા જૈવિક વિવિધતા પર પ્રદૂષણની અસર કઈ રીતે થાય છે તેમજ આ પ્રદૂષણની અસર ઓછી કરવા માટેના ઉપાયોની જાણકારી આપવામાં આવી હતી.

વન અને પર્યાવરણ મંત્રાલય, ભારત સરકાર નવી દિલ્હી તથા વિકસત અમદાવાદનાં સહયોગથી 'રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાન કાર્યક્રમ' અંતર્ગત 'જૈવિક વિવિધતાનું સંરક્ષણ' વિષય પર એક દિવસીય કાર્યશાળાનું આયોજન નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગરના નિવૃત્ત પી.આર.ઓ. નરેશ ઠાકર, હેમંતભાઈ સુથાર(એ.સી.એફ.) વન વિભાગ, અનિલભાઈ પટેલ (મેનેજીંગ ટ્રસ્ટી) નિસર્ગ સાયન્સ સેન્ટર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં પર્યાવરણ પ્રેમી મહેમાન એવા નરેશ ઠાકર હેમંતભાઈ સુથારનું સ્વાગત સુતરની આંટી આપીને અનોખી રીતે કરવામાં આવ્યું હતું.

વન વિભાગના હેમંતભાઈ સુથારે આ પ્રસંગે જૈવિક વિવિદતા વિશેની વિસ્તૃત જાણકારી શાળાઓના વિદ્યાર્થીઓને આપી હતી. પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા જૈવિક વિવિધતાનો અર્થ અને તેનું મહત્વ પણ સમજાવ્યું હતું. નરેશ ઠાકરે જૈવિક વિવિધતા પર પ્રદૂષણની



અસર કઈ રીતે થાય છે. તેમજ આ પ્રદૂષણની અસર ઓછી કરવા માટેના ઉપાયોની જાણકારી આપી હતી. આ કાર્ય વિદ્યાર્થીઓ કેવી રીતે કરી શકે તે સમજાવ્યું હતું. કાર્યક્રમમાં પ્રેરણા વિદ્યાલય, સેક્ટર-૫, સરસ્વતી વિદ્યાલય, સેક્ટર-૬, બાશ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલય, સેક્ટર-૨૮, વસંત માધ્યમિક શાળા, સેક્ટર-૧૩, તક્ષશીલા વિદ્યાલય સેક્ટર-૧૩ શાળાઓ જોડાઈ હતી. દરેક શાળામાંથી ઈકો ક્લબના ૨૦ વિદ્યાર્થીઓએ અને એક શિક્ષકે ભાગ લીધો હતો. સમગ્ર કાર્યશાળામાં ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને ૧૦ શિક્ષકો જોડાયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અનિલભાઈ પટેલ (મેનેજીંગ ટ્રસ્ટી) નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવા માટે સેન્ટરના કો-ઓર્ડિનેટર હાર્દિક મકવાણા, હાર્દિક ભટ્ટ અને શિવાંગ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

# સિદ્ધાર્થ લો કોલેજનો વાર્ષિકોત્સવ સંપન્ન

### ગણેશ વંદના, ફ્યુઝન ડાન્સ અને નાટકમાં યુવાનોએ રંગ જમાવ્યો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરની જાણીતી સંસ્થા સિદ્ધાર્થ લૉ કોલેજના વિદ્યાર્થીઓનો તાજેતરમાં વાર્ષિકોત્સવ ખૂબ જ આનંદ અને ઉત્સાહથી સંપન્ન થયો. કોલેજના વિદ્યાર્થીઓએ ગીત, અભિનય, ડાન્સ અને ફેશન શૉ જેવી વિવિધ આઈટમો રજૂ કરી પ્રેક્ષકોને ડોલાવી દીધા હતા.

કાર્યક્રમની શુભ શરૂઆત ગણેશ વંદનાથી થઈ હતી. ઉમંગી દ્વારા રજૂ થયેલી ગણેશ વંદના બાદ આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કોલેજની વિદ્યાર્થિની કુસુમે 'દેશ રંગીલા...' ગીત પર સુંદર ડાન્સ રજૂ કર્યો હતો. પરિન્દા પટેલ, હેમલ, અનુરાધા, કુણાલ, આરતી, સુનિલસિંહ, ભાવિકા, જનક, અનિત, હિતેશે પણ આ પ્રસંગે ગીત અને ફિલ્મ ડાન્સ રજૂ કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. 'બા મારે જીવવું છે' નાટકમાં, ફ્યુઝન ડાન્સમાં, ફેશન શૉ માં, કરાટે શૉ માં વિદ્યાર્થીઓની કૌશલ્ય શક્તિ ખીલી ઉઠી હતી. ચાંપરાજસિંહ પ્રતાપસિંહ ડોડિયાએ તલવારબાજીનો શૉ દર્શાવ્યો હતો. જેને સૌ દર્શકોએ મન ભરીને માણ્યો હતો.

કોલેજના વાર્ષિકોત્સવમાં આમંત્રિત મહેમાનોએ ખાસ હાજરી આપી વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો. આ પ્રસંગે જયેશભાઈ ભૈરવીયા, આર.વાય. માંકડ,સૂર્યસિંહ ડાભી, ડૉ. દિલીપભાઈ મેવાડા, ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જયદિપસિંહ વાઘેલા, એલ.આર. કુસુમ પટેલ અને પ્રતિકસિંહ ગોહિલે કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મીના અડાલજા અને સુરેશભાઈએ સુંદર શબ્દરૂપી માળાથી કર્યુ હતું.

# કોલવડા પગાર કેન્દ્ર શાળાએ લોકનૃત્યમાં પ્રથમ ક્રમ મેળવ્યો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લા શિક્ષણ સમિતિ, જિલ્લા પંચાયત ગાંધીનગર દ્વારા તાજેતરમાં યોજાયેલી તાલુકા કક્ષાની સાંસ્કૃતિક સ્પર્ધામાં કોલવડા પગાર કેન્દ્ર શાળાનો લોક નૃત્યમાં પ્રથમ નંબર આવતા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

ઉવારસદની રાણજીપુરા પ્રાથમિક શાળામાં તાજેતરમાં જિલ્લા શિક્ષણ સમિતિ અને જિલ્લા પંચાયત ગાંધીનગર દ્વારા તાલુકા કક્ષાનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમમાં કોલવડા પગાર કેન્દ્ર શાળા દ્વારા 'લોકનૃત્ય' રજુ કરવામાં આવ્યું હતું. લોકનૃત્ય તૈયાર કરનાર શાળાના શિક્ષિકા દિવ્યાબેન દ્વારા ખૂબ જ ઉત્સાહ અને ખૂબ જ મહેનત કરીને તૈયાર કરાવેલું હતું. આ કાર્યક્રમ સફળ બનાવવા બદલ શાળાના બાળકો તથા પ્રેરક શિક્ષકોને શાળાના આચાર્ય હસમુખભાઈ પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

# કડી વિશ્વ વિદ્યાલયના ફેકલ્ટી ઓફ એજયુકેશન દ્વારા રાષ્ટ્રીય સેમિનારનું આયોજન

ગાંધીનગર, તા.૧૫

'શિક્ષક અને પર્યાવરણનો સમતોલ વિકાસ' વિષય પર એક રાષ્ટ્રીય સેમિનારનું આયોજન આગામી તા. ૨૮-૩૦ માર્ચના રોજ ફેકલ્ટી ઓફ એજયુકેશન, આર.એચ. પટેલ ઈંગ્લીશ મિડિયમ બીએડ કોલેજ, સે-૨૩ ખાતે કરવામાં આવ્યું છે. કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન આર.એચ. પટેલ ઈંગ્લીશ મિડીયમ બી.એડ. કોલેજ, ગુજકોસ્ટ અને જીએમડીસીના સહયોગથી યોજાનાર આ કાર્યક્રમમાં નિષ્ણાંતો ભાગ લેશે.

### જીટીયુના ડીનની મિટિંગ આજે ચાંદખેડામાં થશે

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના ડીનની બેઠક શનિવારે જીટીયુના ચાંદખેડા કેમ્પસ ખાતે મળવાની છે. જેમાં જીટીયુ સંલગ્ન કોલેજની વાર્ષિક પરીક્ષાના ટાઈમ ટેબલને આખરી ઓપ આપવામાં આવશે. આ ઉપરાંત જો ઈ-એસેસમેન્ટનો પ્રોજેક્ટ જો એમબીએ વિદ્યાશાખામાં સફળ રહે તો આગામી સમયમાં તેને કઈ અન્ય વિદ્યાશાખામાં અમલી બનાવવો તેનો પણ નિર્ણય લેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ઈ-એસેસમેન્ટનો તમામ વિદ્યાશાખાઓમાં તબક્કાવાર અમલ કરવામાં આવનાર છે. આ ઉપરાંત ઈ-એસેસમેન્ટ માટે જરૂર જણાય તો શિક્ષકો માટે તાલીમ કેમ્પનું આયોજન કરવાનો પણ નિર્ણય લેવામાં આવી શકે છે. જેને લઈ સમગ્ર જીટીયુ તંત્રમાં ભારે ઉત્સુક્તાનું વાતાવરણ છે.

# રાસબિહારી દેસાઇને સ્વરાંજલિ...!! ખરજનાં સ્વરનાં સ્વામિનું કંકુ દરેક મહેફિલમાં ખરશે...!!

**કૌટુંબિક લાગણીથી 'શિવરંજની' સાથે જોડાયેલ સંગીતનાં એક અને અજોડ રાસબિહારી દેસાઇ માટે અવતરણ "મારો અભાવ મોરની જેમ ટહૂકશે, ઘેરાશે વાદળો ને હું સાંભરી જઇશ...." "થોડો સ્મણમમાં છું, થોડો ગાનમાં છું, સંકેલ્યો શ્વાસ દેહે, સ્વજન હું નથી ગયો."**

### ઊઘડતે પડદે

- સંજય થોરાત

'માડી તારૂં કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો' ગીત જેમની ઓળખાણ હતી. જેને મન સંગીત સ્વરપેટીમાંથી, હાથ કે વાજિંત્રોમાંથી નથી આવતું, એ તો હૃદયમાંથી આવે છે, જેને સંગીત ગળથુથીમાં હતું એવાં ગુજરાતી સુગમ સંગીતનાં સમ્રાટ, જાણીતા ગાયક, સંગીતકાર, રાસબિહારી દેસાઈને સ્વરાંજલિ અર્પવા, કહોને કે એમની સંગીતયમ સ્મૃતિઓ વાગોળવાનો એક મસ્ત કાર્યક્રમ 'શિવરંજની' એ માઉન્ટ કાર્મેલ સ્કૂલ ખાતે યોજયો હતો...

'શિવરંજની' ગાંધીનગરની અત્યંત જૂની સંગીતને વરેલી સંસ્થા છે, અને રાસબિહારી - વિભા દેસાઈની જોડીનો આ સંસ્થા સાથે જૂના નાતો છે. સંસ્થાના પ્રમુખ વાગ્મિન બૂચે કૌટુંબિક લાગણીનાં સંબંધની વાત કરી કે



લગભગ ૬૫ વર્ષ પૂર્વે વિસનગરથી રાસભાઈ સાથેનાં સંબંધ છે. અને આ કાર્યક્રમમાં એમની પેઢીની યંગ જનરેશન સુધી ખાસ માત્રને માત્ર કૌટુંબિક લાગણીથી ખેંચાઈને આ કાર્યક્રમ માણવા આવ્યાં છે...

કાર્યક્રમ કોઈ ગણતરી - હિસાબ વગર જ આ કપલે સંસ્થા માટે કરેલાં છે. ખરજ સ્વરનાં માલિક, ઉમદા વ્યક્તિત્વ, અધ્યાત્મિકતા, ધરાવતાં રાસભાઈ કહેતાં કે, 'આ હું નથી ગાતો, કોક મને ગવડાવે છે' ૨૩ જૂન ૧૯૩૫નાં રોજ પાટણ શહેરમાં જન્મેલાં રાસબિહારીની હળવાશભરી વાતો અને સેન્સ ઑફ હ્યુમર પણ ગજબનાં હતા. ગાડીમાં બેઠા પછી ડ્રાઈવરને કહેતા, 'જનોઈ પહેરી કે નહીં?', એક કાર્યક્રમમાં શ્રોતાઓ ખુબ ગંભીર દેખાતા હતાં ત્યારે એમને વાગ્મિન બુચને કહેલું કે, 'કોઈ તાળી પાડે કા ના પાડે તું જરૂર તાળી પાડજે...' ઑગસ્ટ મહિનામાં શિવરંજનીનાં એક કાર્યક્રમની સમાપ્તિ બાદ જયરાજસિંહ સરવૈયા, વાગ્મિન બૂચ, અને મારા વચ્ચે વાત થયેલી કે હવે રાસબિહારી દેસાઈનો કાર્યક્રમ કરીએ, કારણ હવે એમની તબીયત સારી રહેતી નથી...

અને ખરેખર 'શિવરંજની' મોડી પડી ગઈ અને લાઈવ પ્રોગ્રામની જગ્યાએ એમનાં રેકોર્ડેડ સી.ડી.ની મદદથી એમનો અવાજ સાંભળવો પડ્યો... સંગીતના ભેખધારી શિક્ષક એક અને અજોડ રાસભાઈને સ્વરાંજલિ અર્પવા એમનાં જ શિષ્યો અમર-શ્યામ-ગાર્ગી - હસમુખ - સોનિક અને એમનાં સુરમાં સુર મેળવનાર વિભા દેસાઈ હાજર હતાં....

ગાંધીનગરનાં શ્રોતાઓને જો રિયાઝની ટેવ પાડી હોય તો એનું શ્રેય રાસબિહારીને જાય છે...

અમારા ઘરે અમારાં અવસર, ઉપર નિમંત્ર્યા બધાને કિંતુ -

હવે અમારી સભાથી વહી જવાની સજા મળી છે, દોસ્તો અમોની શાની સજા મળી...

એમનાં જ અવાજ, એમની શ્રુતિ, સ્વરાંકન, રાસભાઈની રેકોર્ડેડ પ્રાર્થનાથી કાર્યક્રમ શરૂ થયો, 'પૂણં ઈંદ, પૂર્ણ મદઃ યા કુન્દે ઋતુ શારહાર ધવલા...' મિઠાશથી ગૂંજતો અવાજ, સૂરથી ધરતી હતી એનાથી બમણી સુંદર કરવાં અવતરેલાં... કવિ નાન્હાલાલાલની પ્રાર્થના વિભાબેને ગાઈ પ્રભુ અંતર્યામી, વિમલ દુઃખ... રાસબિહારી ભાઈએ ૧૯૬૪માં વિભાબેન વૈષ્ણવ સાથે પ્રભુતામાં પગલાં પાડેલાં, વિભાભેન વ્યવસાયે આયકર વિભાગમાં સંયુક્ત કમિશ્નર હતા અને રાસભાઈ ફિઝીક્સનાં અધ્યાપક...

રાસભાઈના સુવર્ણ ઈતિહાસની ક્ષણો કંડારેલું સ્ટેજનાં બેકગ્રાઉન્ડમાં મુકેલું વિશાળ બેનર ભવ્ય ભૂતકાળનું સાક્ષી બનેલું... 'માંડવાની જૂઈ' ના આલ્બમ વખતની પુરૂષોત્તમ ઉપાધ્યાય - ક્ષેમુ દિવેટીયા - રાસભાઈ - જગજીતસિંગ (કે જયારે જગજીતસિંગ ગુજરાતીમાં ગાતા અને કોરસમાંય સુર પુરાવતા) અમરભાઈએ એક શૅર કહ્યો કે, 'બહાર ઊભાં હોત તો તસવીરની ચર્ચા કરત, આ અમે ઊભાં છીએ તસ્વીરમાં શું બોલીએ...'



પ્રખ્યાત સિતારવાદક રવિશંકરનો મનગમતો રાગ માંજ - ખમાજમાં રાસભાઈનાં સ્વરાંકનનું ગીત, 'કેવાં રે મનનાં મેળ, જેવી લાગે નાગરવેલ' મનલોભાવન રજૂઆત રહી... રાસભાઈનાં પિતા રમણલાલ પાટણનાં અગ્રણી સ્વાતંત્ર્ય સેનાની હતા. તેઓ આઝાદીની લડત વખતે અનેક સરઘસો અને જાહેર સભાઓમાં દેશભક્તિનાં ગીતો ગાતાં અને એટલે તેઓ 'પાટણનાં મેઘાણી' તરીકે પ્રસિધ્ધ હતાં... રાસભાઈને નાગર પરિવારનો જન્મજાત સંગીતનો વારસો તો મળેલો જ હતો. પણ એમણે આંતરિક ઊંડી લગન, ખંતપૂર્વક શ્રવણ, વાંચન અને રિયાઝ દ્વારા સંગીત સાધના કરી... એમને પ્રારંભિક પ્રેરણા સુરેશ જાની (કાકા), સૂર્યકાન્ત દવે અને પુરૂષોત્તમ ઉપાધ્યાય પાસેથી મળેલી. એ કૉલેજકાળમાં તલત મહેમુદનાં ગીતો ગાતા... આદીલ મન્સુરીની રચના, 'પ્રતિબિંબ કોના સ્મિત કરે છે, તુષારમાં' ભાવવાહી રજૂઆત થઈ...

"ઈશ્વર કરે મિલનની ક્ષણો વિસ્તર્યા કરે, ઘડિયાળ બંધ થાય ને કાંટા ફર્યા કરે

દર્પણ બે સામસામે મુકી એ ખસી ગયાં, પ્રતિબિંબ એકબીજાને ચૂંબન કર્યા કરે.''

રાસભાઈના દાદી લક્ષ્મીબાઈ ખુબ સારૂં ગાતાં અને રામચરિત માનસ એમને કંઠસ્થ હતું. માતા દુર્ગાબાનું નાની વયે અવસાન થતાં એમનાં ફોઈ નિર્મળાબેને એમનો ઉછેર કરેલો... સદાય પ્રસન્ન રહેતાં તેઓ કહેતાં કે, "રોનક ચહેરા પર જો ન લાવી શકો, છલકો નહીં તો કયાંથી છલકાવી શકો.'' રાસભાઈ સાથે છેક સુધી શિખવાનો લાભ મેળવનારા હસમુખ - સોનીકે ભાનુપ્રસાદ ત્રિવેદીની રચના, 'હારાં થઈને થાક્યા જીવલી, હેંડ હેંડ હવે બગડી જઈએ' રજૂ કર્યુ જેમાં 'લલવા - ટણપા' જેવાં શબ્દોની સંગત હતી...

રાસભાઈએ ૧૯૬૧માં 'શ્રુતિવૃંદ' નામનો સુગમ સંગીત કાર્યક્રમ સામાન્ય માણસને ધ્યાનમાં રાખીને ચાલું કર્યો હતો, જે ચાર દાયકા સુધી સફળતા પૂર્વક ચાલ્યો હતો... અમદાવાદની ભવન્સ કૉલેજની એમની એકેડેમીમાં ૧૬૦ કવિ - ૮૫ સ્વરકારો અને બે હજારથી વધુ વિદ્યાર્થીઓને સંગીતમાં કેળવવાનું શ્રેય ધરાવતાં હતા... કવિ હરિશ મિનાશીની પંક્તિ, 'સાધો, એશું મદિરા ચાખે, દરાખનો જે મર્મ ભૂલી વળગ્યો છે, રૂદરાખે' ની વાત બાદ માધવ રામાનુજની પ્રસિધ્ધ રચના, 'પાસ પાસે તોય કેટલાં દૂર' અને એ બાદ કવિ મનુભાઈ ત્રિવેદીની રચના, 'મનવાં ખોલ તિમિરનાં



તાળાં' અને કવિ સુરેશ દલાલે તુકારામનાં મરાઠી અભંગનાં ગુજરાતી અનુવાદ 'માઝે માહેર પંઢરી' ગાઈને એમનાં સ્વરાંકનને શ્રધ્ધાંજલિ અર્પી...

દેશ-વિદેશમાં સુગમ સંગીતનાં કાર્યક્રમ કરનારાં રાસભાઈ એ રેડિયો ટીવીનાં ટૉપગ્રેડ ગાયક હતા. એમનાં આલ્બમ માંડવાની જૂઈ, શ્રવણ માધુરી, ને તમે યાદ આવ્યાં, બિલિપત્ર, ત્રિનેત્ર, રાધામાધવ લીલા ગાન, આશ્રમ ભજનાવલી, કીર્તનમાલા, અમે કોમળ કોમળ, શિવમહિમ્ન, વિષ્ણુસહસ્ત્રનામ, સાયુજય, સંગીત સુધા... પ્રખ્યાત હતાં... ગુજરાતી ફિલ્મો કાશીનો દીકરો, હોથલ પદમણી, લીલુડી ધરતીમાં એમણે સંગીત આપેલું અને 'કાશીનાં દીકરા' માટે તો સંગીતનો પુરસ્કાર પણ મળેલો...

વિભાબેન દેસાઈએ 'માડી તારૂં કંકુ ખર્યું' થી શ્રધ્ધાંજલિ અર્પી, ૨૦૧૧ની રેકોર્ડેડ ઉમાશંકર જોષીની રચના, 'સૂરજ ઢુંઢ રે ઢુંઢે, ચાંદાની આંખડી' માત્ર ડફ અને એકતારા પર ગવાયેલી જેમાં એમનાં સ્પષ્ટ ઊચ્ચારો હૃદય સુધી ઉતરે એવાં... 'શિવરંજની' રાસભાઈની યોજાયેલી અફલાતુન સ્મરણ સંધ્યા ને દાદ આપવી રહી... રાસબિહારી દેસાઈ માટેનાં બે અવતરણો કેટલા યથાર્થ છે. 'મારો અભાવ મોરની માફક ટહૂકશે, ઘેરાશે વાદળોને હું સાંભરી જઈશ' અને 'થોડો સ્મરણમાં છું, થોડો ગાનમાં છું, સંકેલ્યો શ્વાસ દેહે, સ્વજન હું નથી ગયો...' રાસભાઈ આપણાં વચ્ચે જ, સદેહે નહીં પણ સૂરથી એમનાં અવાજથી... સુગમ સંગીતની મહેફિલમાં એમનાં ખરજનાં સ્વરનું કંકુ હંમેશાં ખરતું રહેશે...

**"શિવરંજની" એ સુગમ સંગીતનાં સરતાજ રાસબિહારી દેસાઇની સ્મૃતિઓ વાગોળી એમનાં સ્વર અને સ્વરાંકનના ગીતોની મહેફિલમાં શ્રદ્ધા સુમન અર્પ્યા...'માડી તારૂં કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો' ગીત રાસબિહારી દેસાઇની ઓળખ બનેલી અને આકાશવાણી પર આ ગીત સાંભળવા શ્રોતાઓ રેડિયો ઓન રાખતાં.**